# કે.પી.ઓ. એક્ઝિક્યુટિવ

નોલેજ પ્રોસેસ આઉટસોર્સિંગ (કે.પી.ઓ.) એ સઘન જ્ઞાન આધારીત પ્રવૃત્તિઓને આઉટસોર્સ કરવાની પ્રક્રિયા છે. સામાન્ય રીતે જે વ્યક્તિને આ કામ માટેની જવાબદારી સોંપવામાં આવે છે તેને કે.પી.ઓ. એક્ઝિક્યુટિવ કહેવામાં આવે છે અને સામાન્ય રીતે તેઓ વિશિષ્ટ ક્ષેત્રમાં એડવાન્સ ડિગ્રી અને કૌશલ્યો ધરાવતા હોય છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે તમામ પ્રકારના લોકો સાથે સહજતાથી વાતચીત કરી શકો છો.
- તમે સારા શ્રોતા છો
- તમે સ્પષ્ટ સૂચનાને અનુસરવું તમને પસંદ છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦,૦૦૦ થી ૯,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત)માં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. માર્કેટિંગ / ફાઈનાન્સ / એકાઉન્ટિંગ વગેરેમાં સ્નાતક (B.Com / B.Sc / BBM / BBA)ની ડિગ્રી પ્રાપ્ત કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી બાદ સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતક (M.Com / MBA / M.Sc / MBM)ની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

કે.પી.ઓ. એક્ઝિક્યુટિવનું માસિક વેતન રૂ. ૨૩,૯૫૮ થી ૧,૪૦,૦૨૮* જેટલું હોય છે.

સ્રોત: https://in.talent.com/salary?-job=international kpo/

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઈન્વેસ્ટમેન્ટ બેંકો, બ્રોકરેજ હાઉસ, નાણાકીય સંસ્થાઓ અન્યો વચ્ચે

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. કોઈપણ તબક્કે તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. સ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો ભાગ નથી. તમારા કામના કલાકો નિયમિત હોઈ શકે છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, દરરોજ ૯ થી ૧૦ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

એનાલિસ્ટ → સિનિયર એનાલિસ્ટ → ક્વોલિટી એનાલિસ્ટ → ક્વોલિટી લીડ → સિનિયર ક્વોલિટી લીડ → આસિસ્ટન્ટ મેનેજર → મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બી.પી.ઓ./કે.પી.ઓ. કસ્ટમર સપોર્ટ રિપ્રઝન્ટેટીવ, બી.પી.ઓ./કે.પી.ઓ.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમો મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. જામિયા મિલિયા ઈસ્લામિયા, નવી દિલ્હી
૨. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા
૩. શહીદસુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૪. ભારતીય મેરીટાઈમ યુનિવર્સિટી, કોચી કેમ્પસ
૫. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. દૂન યુનિવર્સિટી, દેહરાદૂન
૭. ડીડીયુ, નડિયાદ
૮. એચએનજીયુ, પાટણ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. સ્કૂલ ઑફ બિઝનેસ, યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન.
૨. સ્કૂલ ઓફ મેનેજમેન્ટ, ડૉ ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૩. આઈ.બી.એસ. બિઝનેસ સ્કૂલ, હૈદરાબાદ
૪. વી.આઈ.ટી. બિઝનેસ સ્કૂલ, ચેન્નાઈ
૫. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર
૬. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૭. દૂન બિઝનેસ સ્કૂલ, ઉત્તરાખંડ
૮. ટેક્નો ઈન્ડિયા યુનિવર્સિટી, કોલકાતા

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in



## સાફલ્ય ગાથા

**વિજય ભીસે** હાલમાં શ્રી રામ ટ્રાન્સપોર્ટ ફાયનાન્સ કંપની લિમિટેડ, મુંબઈમાં ટીમ લીડર તરીકે કામ કરે છે. તેઓ અગાઉ એટોસ સિન્ટેલમાં કે.પી.ઓ. અધિકારી તરીકે કામ કરતા હતા. શ્રી ભીસેએ વિદ્યા પ્રતિષ્ઠાન, ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ફર્મેશન ટેક્નોલોજી, મહારાષ્ટ્રમાંથી ફાઇનાન્સિયલ મેનેજમેન્ટમાં એમ.બી.એ. કર્યું છે અને તુલજારામ ચતુરચંદ કૉલેજ, પુણેમાંથી કોમર્સમાં સ્નાતકની પદવી હાસલ કરેલ છે.*

સ્રોત: https://rocketreach.co/vijay-bhise-email_112909814

ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.